# BUSINESS મિત્ર

### વીકલી એક્સપાયરીના પગલે નિફ્ટીમાં બેઉતરફી વધઘટ, રોકાણકારોને રૂ. 1.77 લાખ કરોડનું નુકશાન

# છેલ્લા અડધા કલાકમાં સેન્સેક્સ 600 પોઇન્ટ તૂટયો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 7:** છેલ્લા ચાર ટ્રેડિંગ સેશનથી સતત સુધારા સાથે ચાલી રહેલા ભારતીય શેરબજારમાં આજે બ્રેક વાગી હતી અને છેલ્લે લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. આજે નિફ્ટીમાં વીકલી એક્સપાયરી હોવાથી બેઉતરફી વધઘટ રહી હતી અને છેલ્લા અડધો કલાકમાં સ્થિતિ બદલાઇ ગઇ હતી, જેમાં સુધારો આગળ વધવાની સંભાવના દૂર થઇ ગઇ હતી. જેના લીધે રોકાણકારોને રૂ. 1.77 લાખ કરોડનું નુકશાન થયું છે. જેમાં સેન્સેક્સ 600 પોઇન્ટ તુટયો હતો અને નિફ્ટી 24400 પોઇન્ટની સપાટી તોડી હતી. બ્રોડર માર્કેટમાં પણ નરમાઈ જોવા મળી હતી.

સેકટર મુજબ આઈટી શેરોએ પ્રત્યાઘાતી સુધારો જોવા મળ્યો હતો અને ઈન્ટ્રાડેમાં નિફ્ટી આઈટી ઈન્ડેકસ 4 ટકા સુધી વધ્યો હતો. જ્યારે અન્ય સેકટરમાં નરમાઇ જોવા મળી હતી.

બીએસઇ સેન્સેક્સ 104.35 પોઇન્ટ એટલે કે 0.13 ટકા ઘટીને 78180.72 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેકસ 78664 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 78031 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 31.65 પોઇન્ટ એટલે કે 0.13 ટકા ઘટીને 24400 પોઇન્ટની સપાટી તોડીને 24398.70 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24530 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24348 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 31.65 પોઇન્ટ એટલે કે 0.13 ટકા ઘટીને 58200.70 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. બીએસઇ ખાતે હેક્ષાવેર ટેકનોલોજીમાં 27.34 ગણા, ભારતી હેક્ષાકોમમાં 22.53 ગણા, સંવર્ધન મધરસનમાં 21.8 ગણા, બોશમાં 7.54 ગણા અને લોઢા ડેવલપર્સમાં 3.74 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે ઈન્ફોએજમાં 6.69 ગણા, રાઇટસ લિ.માં 5.92 ગણા, ટ્રેન્ટમાં 4.44 ગણા, કલ્યાણ જવેલર્સમાં 4.42 ગણા અને જયુબીલન્ટ ફુડવર્કસમાં 4.31 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં નબળું પ્રદર્શન જોવાયું હતું. બીએસઇ મિડકેપ ઈન્ડેક્સ 0.18 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.76 ટકા ઘટ્યો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ નબળી રહી હતી. બીએસઇ ખાતે 2637 શેરો ઘટ્યા હતા, જ્યરે 1595 શેરો વધ્યા હતા, જ્યારે 203 શેરો યથાવત રહ્યા હતા.

બીએસઇ મેટલ ઈન્ડેક્સ 1.10 ટકા ઘટ્યા હતા. જે છેલ્લા ત્રણ ટ્રેડિંગ શેરોમાં 2.62 ટકા સુધર્યો હતો. જેમાં અદાણી એન્ટર, વેદાન્તા, નેલ્કો, સેઈલ, જિંદાલ સ્ટીલ, હિન્દુસ્તાન ઝીંક, હિન્દાલ્કો, જિન્દાલ સ્ટેનલેસ, એનએમડીસી અને ટાટા સ્ટીલ ઘટ્યા હતા.

વૈશ્વિક સ્તરે યુરોપિયન બજારો મિશ્ર વલણ રહ્યા હતા. કેમ કે રોકાણકારોએ ગત સપ્તાહમાં મજબૂત રેલી બાદ નફાવસુલી રહી હતી. જ્યારે મુખ્ય વૈશ્વિક આર્થિક ડેટા અને ફેડરલ રિઝર્વની તાજેતરની મીટીંગની મીનીટસ પુર્વે સાવચેતી જોવા મળી હતી. યુએસ સર્વિસીસ પીએમઆઇ જુનમાં 54.5થી ઘટીને 54 થઇ ગયો હતો, જે ઠંડો પડી રહ્યો છે. યુએસ ફેડરલ રિઝર્વની બેઠકની મીનીટસ પર એશિયન બજારો લાલ નિશાનમાં બંધ રહ્યા હતા.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.23 ટકા અને કેક 0.22 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે, જ્યારે ડેક્સ 0.48 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 1.61 ટકા, હેંગસેંગ 0.83 ટકા, તાઈવાન 2.38 ટકા, કોસ્પી 5.16 ટકા, શાંઘાઇ 1.28 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જ્યારે સ્ટ્રેઈટસ 1.54 ટકા અને જકાર્તા 1.15 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

## રૂપિયો મજબૂત, 95ની નીચે સરક્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 7:** કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો મજબૂત જોવાયો હતો, જે રૂપિયો 95ની નીચે આવી ગયો હતો. આજે કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો 44 પૈસા વધીને 94.96ના સ્તરે બંધ રહ્યા હતા. જે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.40ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 109.16, પાઉન્ડ 126.62, કેનેડિયન ડોલર 66.88, ઓસ્ટ્રેલિયન ડોલર 65.52ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 94.97 રૂ. |
| યુરો | 109.16 રૂ. |
| પાઉન્ડ | 126.62 રૂ. |
| યેન | 0.5867 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -104.35 | 78180.72 |
| નિફ્ટી | -31.65 | 24398.70 |
| બેન્ક નિફ્ટી | -90.80 | 58200.70 |

**નિફ્ટી — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચસીએલ ટેક્નો | 3.00 | 1168.20 |
| ટેક મહિન્દ્રા | 2.92 | 1447.50 |
| ઇન્ફોસીસ | 2.84 | 1071.80 |
| ટાઇટન કંપની | 2.67 | 4604.20 |
| એસબીઆઇ લાઇફ | 2.40 | 1832.30 |

**નિફ્ટી — ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટ્રેન્ટ | 12.44 | 2927.80 |
| અદાણી એન્ટર | 3.10 | 3107.20 |
| અદાણી પોર્ટસ | 1.64 | 1833.90 |
| બીઇએલ | 1.50 | 419.15 |
| સીપલા | 1.30 | 1451.80 |

**સેન્સેક્સ — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચસીએલ ટેક્નો | 3.08 | 1169.00 |
| ટેક મહિન્દ્રા | 2.81 | 1445.35 |
| ઇન્ફોસીસ | 2.74 | 1071.00 |
| ટાઇટન કંપની | 2.33 | 4589.50 |
| ઇટર્નલ | 2.08 | 289.35 |

**સેન્સેક્સ — ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટ્રેન્ટ | 12.65 | 2920.60 |
| બીઇએલ | 1.70 | 418.25 |
| અદાણી પોર્ટસ | 1.63 | 1833.60 |
| લાર્સન-ટુબ્રો | 1.26 | 3988.70 |
| રિલાયન્સ ઇન્ડ. | 1.20 | 1305.55 |

# સ્વિગીમાં ભારતીય રોકાણકારોની હિસ્સેદારી 50.24 ટકા થઈ

**શેરમાં** 7 ટકાથી વધુનો ઉછાળો

મુંબઈ તા. 7: સ્વિગીમાં ભારતીય રોકાણકારોની હિસ્સેદારી 50 ટકાથી વધતા શેરના ભાવમાં 7 ટકાથી વધુનો ઉછાળો જોવા મળ્યો છે. આજે સ્વિગીના ભાવ રૂ. 17.90 વધીને રૂ. 266.27એ બંધ રહ્યા હતા. કંપનીએ સ્ટોક એક્સચેન્જને જાણ કરી હતી કે 6 જુલાઈ સુધીમાં તેનું કુલ વિદેશી હોલ્ડિંગ ઘટીને 49.76 ટકા થઈ ગયું છે, જ્યારે ભારતીય રોકાણકારોનું શેરહોલ્ડિંગ વધીને 50.24 ટકા થયું છે.

સ્વિગીએ એક્સચેન્જ ફાઈલિંગમાં જણાવ્યું હતું કે, વિદેશી રોકાણ (FDI, FPI અને અન્ય પરોક્ષ વિદેશી રોકાણ) હવે કંપનીના કુલ શેરહોલ્ડિંગના 49.76 ટકા છે. આનો અર્થ એ થયો કે ભારતીય રોકાણકારોનું શેરહોલ્ડિંગ વધીને 50.24 ટકા થયું છે. જોકે, કંપનીએ સ્પષ્ટતા કરી હતી કે ફક્ત 50 ટકાને પાર કરવાથી માલિકી કે નિયંત્રણ આપમેળે બદલાતું નથી. કંપનીના જણાવ્યા અનુસાર, તેની શેર મૂડી, સંચાલન, મતદાન અધિકારો અથવા વ્યવસાયિક કામગીરીમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

જો સ્વિગી સંપૂર્ણપણે ભારતીય માલિકીની અને નિયંત્રિત કંપની બને છે, તો તેને ભારતના ઈ-કોમર્સ નિયમો હેઠળ વધુ વ્યાપારિક સ્વતંત્રતા મળી શકે છે. ઈન્વેન્ટરી મોડેલના ફાયદા જોઈએ તો, કંપની પોતે માલ ખરીદી શકે છે, તેને તેના વેરહાઉસમાં સંગ્રહિત કરી શકે છે અને ગ્રાહકોને સીધો પહોંચાડી શકે છે. તેના ઘણા ફાયદા છે અને કંપની નક્કી કરી શકે છે કે કયા માલનો સ્ટોક કરવો, ઈન્વેન્ટરીનું વધુ સારી રીતે સંચાલન કરવું, ડિલિવરી ઝડપી બનાવવી અને ગ્રાહકોને વધુ વિકલ્પો પ્રદાન કરવા. ક્વિક કોમર્સમાં આ મોડેલને મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

બ્લિંકિટ પહેલાથી જ આ લાભનો આનંદ માણી રહી છે. તે પહેલેથી જ એક ભારતીય માલિકીની અને નિયંત્રિત કંપની છે. ક્વીક કોમર્સ ક્ષેત્રે લડાઈ વધુ તીવ્ર બની રહી છે. બ્લિંકિટ, ઈન્સ્ટામાર્ટ, ઝેપ્ટો, ફ્લિપકાર્ટ, મિનિટ્સ, એમેઝોન નાઉ અને અન્ય કંપનીઓ ઝડપથી તેમના નેટવર્કનો વિસ્તાર કરી રહી છે. તેથી, સ્વિગી માટે IOCC દરજ્જો પ્રાપ્ત કરવો વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

## ટાટા પાવર ઓડિશામાં નવું સોલાર મેન્યુફેક્ચરીંગ યુનિટ સ્થાપશે

મુંબઇ, તા. 7: ટાટા પાવરે આગામી પાંચ વર્ષ માટે મોટું લક્ષ્ય રાખ્યું છે. કંપનીનું લક્ષ્ય 2030 સુધીમાં એક લાખ કરોડ રૂપિયાની આવક અને રૂ. 10000 કરોડનો ચોખ્ખો નફો હાંસલ કરવાનો છે. નાણાકીય વર્, 2025-26માં, ટાટા પાવરની એકીકૃત આવક રૂ. 63681 કરોડ રહી હતી, તે જ સમયે કંપનીનો ચોખ્ખો નફો 5212 કરોડ નોંધાયો હતો. આ પ્રદર્શનના આધારે, કંપની હવે 2030 સુધીમાં તેના વ્યવસાય અને નફામાં નોંધપાત્ર વધારો કરવાનું લક્ષ્ય ધરાવે છે. ટાટા પાવરના ચેરમેન નટરાજન ચંદ્રશેખરને જણાવ્યું હતું કે, કંપની ઓડિશામાં 10 ગીગાવોટ ક્ષમતાનો નવો સોલર ઇક્વિપમેન્ટ મેન્યુફેક્ચરીંગ પ્રોજેક્ટ સ્થાપવાની તૈયારી કરી રહી છે. આગામી કેટલાક મહિનાઓમાં આ પ્રજેક્ટની ઔપચારિક જાહેરાત થઇ જશે.

## પ્રીમિયર એનર્જીને પ્રથમ ક્વાર્ટરમાં રૂ. 3011 કરોડનો કોન્ટ્રાક્ટ મળ્યો

મુંબઇ, તા. 7: રિન્યુએબલ એનર્જી સેકટરની કંપની પ્રીમિયર એનર્જીના શેરમાં 2 ટકાનો વધારો થયો હતો. કંપનીએ એપ્રલ-જુન ક્વાર્ટરમાં રૂ. 3011 કરોડના નવા ઓર્ડર મળ્યા છે, ત્યારે કંપનીના શેરમાં વધારો જોવા મળ્યો હતો. આ શેર હાલમાં 52 વીકના નીચલા સ્તરથી 56 ટકાના વધારા સાથે ટ્રેડ કરી રહ્યો છે. એપ્રિલ-જૂન ક્વાર્ટર દરમિયાન પ્રીમિયર એનર્જીને 3,011 કરોડ રૂપિયાના નવા ઓર્ડર મળ્યા હતા. આ ઓર્ડર 1,846 મેગાવોટ સોલર સેલ અને સોલર મોડ્યુલ્સના સપ્લાય માટે છે, જેની ડિલિવરી નાણાકીય વર્ષ 2027 અને નાણાકીય વર્ષ 2028 દરમિયાન પૂર્ણ કરવાની યોજના છે.

**જથ્થાબંધ ખાંડબજાર**

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૬૦૦ |
| એમ-૩૦ | ૪૫૫૦ |
| એસ-૩૦ | ૪૫૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૪૫૦ |
| એસ-૩૦ | ૪૩૫૦ |

**સોના-ચાંદી સુરત**

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૪૮૪૩૦ |
| તેજાબી સોનું | ૧૪૮૩૪૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૧૦૧૦ |
| દાગીના-બીએસઆઈ હોલમાર્ક | ૧૪૫૪૬૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૪૮૪૩૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૩૫૩૦૦ |
| ચાંદી સિક્કા | ૨૩૬૮૦૦ |

**તેલ બજાર સુરત**

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૯૫૦ | કોપરેલ | ૪૭૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૭૦૦ | વનસ્પતિ ઘી | ૨૬૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૨૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૭૭૦ | તલતેલ | ૪૭૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૫૨૦ | દિવેલ | ૨૪૮૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૮૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

**યાર્ન બજાર સુરત** — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

(GST સાથેના ભાવ)

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ ’’ | ૧૩૩.૫ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૬૮ | ૫૦/૩૬ ’’ | ૧૪૪ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૫૧ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૪૬ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૪૧ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૪ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૦ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૯૫ |
| ૬૮/૩૬ | ૧૪૨ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૬ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૪૦ | ૧૦૦ ટેક્ષ | ૧૩૯ | ૬૮ ક્રિમ્પ | ૧૪૪ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૮ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૪૨ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૯ | ૮૦/૭૨ રોટો | ૧૪૩ | ૭૫ ક્રિમ્પ | ૧૪૧ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૫૧ | ૮૦ ક્રિમ્પ | ૧૩૯ |
| ૮૦/૭૨ રોટો. | ૧૪૨ | ૧૬૦ ડીસ્કેટ | ૧૫૧ | ૮૦/૭૨ રોટો | ૧૪૩.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૪૩ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૩૯ | ૮૦/૧૦૮ ’’ | ૧૪૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૪૨.૫ |

# ઘરેલું અને આંતરરાષ્ટ્રીય બજારમાં સોના અને ચાંદીના ભાવમાં ઘટાડો

**ચાંદીના** વાયદામાં રૂ. 4349નો ઘટાડો

મુંબઈ, તા. 7: આજે સોના અને ચાંદીમાં ઘરેલુ તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે ભાવમાં ઘટાડો થયો છે. ભારતમાં સોનાના વાયદા અને ચાંદીના વાયદામાં પણ નબળાઈ જોવા મળી હતી. કોમોડિટી એક્સચેન્જ MCX પર, સોનાનો વાયદો 0.67% અથવા રૂ. 1021 ઘટીને રૂ. 1,45,896 પ્રતિ 10 ગ્રામ થયો. ચાંદીનો વાયદો 1.84% અથવા રૂ. 4349 ઘટીને રૂ. 2,31,50 પ્રતિ કિલો થયો હતો.

સ્પોટ ગોલ્ડ 0.36% ઘટીને 4,149.80 ડોલર પ્રતિ ઔંસ અને ચાંદીમાં પણ 1.4% ઘટીને 61.17 ડોલર પ્રતિ ઔંસ થઈ હતી. ગયા અઠવાડિયે સોનામાં નોંધપાત્ર તેજી જોવા મળી હતી, જે 2 ટકાથી વધુ વધી હતી. જોકે, આ અઠવાડિયું અત્યાર સુધી સોના માટે નબળું રહ્યું છે.

નિષ્ણાતોના મત પ્રમાણે 7 જુલાઈના રોજ સોનામાં ઘટાડો ગયા અઠવાડિયાની તેજી પછીના કોન્સોલિડેશનને કારણે છે. વેપારીઓ 8 જુલાઈએ જાહેર થનારી યુએસ સેન્ટ્રલ બેંકની બેઠકની મિનિટ્સની રાહ જોઈ રહ્યા છે. આનાથી ફુગાવા પર ફેડરલ રિઝર્વના મંતવ્યો જાહેર થશે. રોકાણકારો સપ્ટેમ્બરમાં વ્યાજ દરમાં વધારો થવાની 56% શક્યતા જોઈ રહ્યા છે. જો ફેડ વ્યાજ દરમાં વધારો કરે છે, તો તેની સોનાના ભાવ પર નકારાત્મક અસર પડશે. વ્યાજ દર ઘટે ત્યારે સોનાની ચમક વધે છે.












## અનુસંધાન... પાના પહેલાનું

### સુરત ડૂબ્યું...

આવેલા પૂરે સુરતની હાલત ખરાબ કરી નાખી હતી. ભારે વરસાદ અને તેને કારણે પાણી ભરાઈ જતાં સુરત શહેરની સાથે આખા જિલ્લામાં જનજીવન ખોરવાઈ ગયું હતું. કામરેજમાં પડેલા ભારે વરસાદને કારણે નેશનલ હાઈવે બંધ થઈ જતાં વાહનચાલકો અટવાયા હતા. હવામાન વિભાગે આગામી બે દિવસ માટે પણ દક્ષિણ ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી યથાવત રાખી છે. સેટેલાઈટ તસવીરોમાં દક્ષિણ ગુજરાત પર ગાઢ કાળા વાદળો છવાયેલા જોવા મળતા વરસાદી સિસ્ટમ હજુ સક્રિય હોવાનું સ્પષ્ટ થાય છે. તેથી નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવા, નદી-નાળાઓમાં જળસ્તર વધવા અને વાહનવ્યવહાર પર અસર થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. વહીવટી તંત્ર પણ સ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે અને જરૂરી તકેદારી રાખવા લોકોને અપીલ કરવામાં આવી છે.

### ટ્રમ્પે કહ્યું,...

દરમિયાન એક પ્રશ્નના જવાબમાં ટ્રમ્પે કહ્યું, “અમે પ્રતિબંધો હટાવવા જઈ રહ્યા છીએ, બરાબર ને?” ટ્રમ્પે કહ્યું કે કેબિનેટ અધિકારીઓ આ બાબતે કામ કરી રહ્યા છે. આ પહેલાં ટ્રમ્પે કહ્યું હતું કે, ‘‘તુર્કીને એફ-35 વેચવાની સંભાવના ચોક્કસપણે એવી બાબત છે જેના પર અમે વિચાર કરીશું.”

### દિલ્હી-યુપી...

ચાલુ છે. પુણે જિલ્લામાં જ માત્ર બે દિવસમાં ૨૨ જગ્યાએ લેન્ડસ્લાઈડ નોંધાઈ છે. લોનાવાલામાં રેકોર્ડબ્રેક ૬૭૦ mm વરસાદ નોંધાયો છે.

પંઢરપુરની પ્રખ્યાત આષાઢી એકાદશી યાત્રા માટે નીકળેલા લાખો ‘વારકરી’ શ્રદ્ધાળુઓને પુણેના આળંદી વિસ્તારમાં ન જવાની સલાહ અપાઈ છે, કારણ કે ત્યાં ઈન્દ્રાયણી નદી ભયજનક સપાટી વટાવી ચૂકી છે. ૮ જુલાઈએ યોજાનારી પાલખી યાત્રા હવે મર્યાદિત લોકો સાથે જ યોજાશે.

**૨. અરુણાચલ પ્રદેશ: ૯૪ હજારથી વધુ લોકો પ્રભાવિત, ૪નાં મોત**

પૂર્વોત્તર રાજ્ય અરુણાચલ પ્રદેશમાં પણ ચોમાસાએ ભયાનક સ્વરૂપ લીધું છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના જણાવ્યા અનુસાર, અત્યાર સુધીમાં ૨૬ જિલ્લાના ૩૩૩ ગામોના આશરે ૯૪,૨૦૧ લોકો આ પૂર અને વાવાઝોડાથી પ્રભાવિત થયા છે.

### અમદાવાદ સિરિયલ...

ચુકાદાને વિશેષ મહત્વ આપવામાં આવી રહ્યું છે. ગુજરાત હાઈકોર્ટે પોતાના ચુકાદામાં મૃતકોના આશ્રિત પરિવારોને રૂ. 10 લાખનું વળતર ચૂકવવાનો આદેશ કર્યો છે. આ ઉપરાંત ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા લોકોને રૂ. 5 લાખ અને અન્ય ઈજાગ્રસ્તોને રૂ. 1 લાખનું વળતર 31 માર્ચ, 2027 સુધીમાં ચૂકવવાનો નિર્દેશ આપ્યો છે. આ કેસમાં ગુજરાત હાઈકોર્ટની વિશેષ ડિવીઝન બેંચે માર્ચ 2025થી દૈનિક ધોરણે સુનાવણી હાથ ધરી હતી. રાજ્ય સરકાર અને બચાવ પક્ષની વિસ્તૃત દલીલો સાંભળ્યા બાદ કોર્ટે ચુકાદો અનામત રાખ્યો હતો, જે આજે જાહેર કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે અમદાવાદ સિટી સેશન્સ કોર્ટે વર્ષ 2022માં 78 આરોપીઓમાંથી 49ને દોષિત જાહેર કર્યા હતા, જ્યારે 29 આરોપીઓને પુરાવાના અભાવે નિર્દોષ મુક્ત કર્યા હતા. ત્યારબાદ 38 દોષિતોને ફાંસી અને 11ને કુદરતી મૃત્યુ સુધીની આજીવન કેદની સજા સંભળાવવામાં આવી હતી. સરકારે ફાંસીની સજાની પુષ્ટિ માટે ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરી હતી, જ્યારે દોષિતોએ સજા સામે અપીલ કરી હતી. 26 જુલાઈ, 2008ના રોજ અમદાવાદ શહેરના 20 અલગ-અલગ સ્થળોએ માત્ર 17 મિનિટમાં 21 શ્રેણીબદ્ધ બોમ્બ વિસ્ફોટ થયા હતા. આ ભયાનક આતંકી હુમલામાં 56 નિર્દોષ લોકોના મોત થયા હતા અને 200થી વધુ લોકો ઘાયલ થયા હતા. સમગ્ર દેશને હચમચાવી દેનારી આ ઘટનાએ આંતરિક સુરક્ષા વ્યવસ્થાને લઈને ગંભીર પ્રશ્નો ઊભા કર્યા હતા. આ કેસના ચુકાદાને ધ્યાનમાં રાખીને ગુજરાત હાઈકોર્ટ પરિસરમાં ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્કવોડ, ડોગ સ્કવોડ અને મોટી સંખ્યામાં પોલીસ કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા હતા તેમજ કોર્ટ પરિસરમાં પ્રવેશતા દરેક વ્યક્તિની સઘન તપાસ કરવામાં આવી હતી.

**હાઈકોર્ટના ચુકાદા સામે આરોપીઓ સુપ્રીમ કોર્ટમાં અપીલ કરશે**

અમદાવાદના 2008ના બહુચર્ચિત સિરિયલ બોમ્બ બ્લાસ્ટ કેસમાં ગુજરાત હાઈકોર્ટે પોતાના ચુકાદાના અમલ પર ત્રણ મહિનાનો સ્ટે આપ્યો છે. આરોપીઓની તરફથી સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવા માટે સમય માંગવામાં આવતા ગુજરાત હાઈકોર્ટે આ રાહત આપી છે. હવે આગામી ત્રણ મહિનાના સમયગાળા દરમિયાન આરોપીઓ હાઈકોર્ટના ચુકાદાને સુપ્રીમ કોર્ટમાં પડકારી શકશે. ગુજરાત હાઈકોર્ટે અગાઉ વર્ષ 2022માં વિશેષ અદાલત (સિટી સેશન્સ કોર્ટ) દ્વારા સંભળાવવામાં આવેલી 38 દોષિતોને ફાંસીની સજા અને 11 દોષિતોને કુદરતી મૃત્યુ સુધીની આજીવન કેદની સજા યથાવત્ રાખી હતી. ચુકાદા બાદ બચાવ પક્ષે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવાની તૈયારી માટે સમયની માંગણી કરી હતી, જેને ધ્યાનમાં રાખીને હાઈકોર્ટે પોતાના આદેશના અમલ પર ત્રણ મહિનાનો સ્ટે મંજૂર કર્યો છે.

### ઈરાનમાં ખામેનેઈની...

અન્ય બે ટેન્કરો પર પણ હુમલો થયો છે, જેમાંથી એક પર ડ્રોન છોડવામાં આવ્યું હતું. આ બંને જહાજોને થોડું નુકસાન થયું છે પરંતુ કોઈ જાનહાનિ થઈ નથી.

ઓમાનની ખાડીમાં હોર્મુઝની સમુદ્રધૂની નજીક ભારત આવી રહેલા એક કોમર્શિયલ જહાજ પર ઘાતક ડ્રોન હુમલો કરવામાં આવ્યો છે. આ જહાજ પ્રવાહી કુદરતી ગેસ (LNG) લઈને કતારના રાસ લાફાનથી ગુજરાતના ભરૂચ જિલ્લામાં આવેલા દહેજ બંદરે આવી રહ્યું હતું. જહાજ પર ૪ ભારતીય નાગરિકો સહિત કુલ ૨૯ ક્રૂ મેમ્બર્સ સવાર હતા. નસીબજોગે, આ ભયાનક હુમલામાં તમામ ક્રૂ મેમ્બર્સ સુરક્ષિત હોવાના અહેવાલ છે.

પ્રારંભિક માહિતી અનુસાર, હુમલાને કારણે જહાજને અમુક અંશે નુકસાન પહોંચ્યું છે, પરંતુ આ મુશ્કેલ પરિસ્થિતિ વચ્ચે પણ જહાજે પોતાની યાત્રા શરૂ રાખી છે અને તે દહેજ બંદર તરફ આગળ વધી રહ્યું છે.

કતારના વિદેશ મંત્રાલયના પ્રવક્તા માજેદ અલ-અંસારીએ આ હુમલાને આંતરરાષ્ટ્રીય જળમાર્ગ અને વૈશ્વિક ઉર્જા સુરક્ષા પર “અસ્વીકાર્ય હુમલો” ગણાવ્યો છે અને કાયદાકીય રીતે આ માટે ઈરાનને સંપૂર્ણ જવાબદાર ઠેરવ્યું છે.

ઈરાની સૈન્ય કમાન્ડે ચેતવણી આપી છે કે હોર્મુઝમાંથી પસાર થતા તમામ જહાજોએ ઈરાન દ્વારા મંજૂર કરાયેલા રૂટનો જ ઉપયોગ કરવો પડશે. ઈરાને કહ્યું કે, “જહાજો અમારા બતાવેલા રસ્તાઓ પરથી નથી જઈ રહ્યા, તેથી અમે સુરક્ષાની ગેરંટી આપી શકીએ નહીં.” ઈરાન આ જળમાર્ગ પર પોતાનું નિયંત્રણ ઈચ્છે છે અને ભવિષ્યમાં ટેક્સ વસૂલવાની ફિરાકમાં છે.

બીજી તરફ, યુએસ નેવીની દેખરેખ હેઠળના મલ્ટીનેશનલ બોડીએ વાણિજ્યિક જહાજોને ઓમાન સરહદ નજીકના વૈકલ્પિક રૂટનો ઉપયોગ કરવાની સલાહ આપી છે, જેને ઈરાન અસુરક્ષિત ગણાવી રહ્યું છે.

# ભારતનાં લાખો મંદિરોમાં આવતાં દાનના અબજો રૂપિયાનો ગેરવહીવટ ચાલી રહ્યો છે



ટુ ધ પોઈન્ટ ▪ સંજય વોરા ▪

રામમંદિરમાં પ્રસાદની ચોરીએ દેશભરનાં મંદિરોમાં મળતાં દાન અને તેનું સંચાલન કેવી રીતે થાય છે તે અંગે નવી ચર્ચા જગાવી છે. ભારતમાં અંદાજે ૮-૧૦ લાખ મંદિરો છે, જેમાંથી લગભગ ૪ લાખ મંદિરો અને તેમનાં ટ્રસ્ટો રાજ્ય સરકારોના વિશેષ ધાર્મિક કાયદાઓ અને ભારતીય ટ્રસ્ટ અધિનિયમ, ૧૮૮૨ હેઠળ કાર્યરત છે. આ મંદિરો પાસે અંદાજીત ૯ લાખ કરોડ રૂપિયાની સંપત્તિ છે. તમિલનાડુમાં સૌથી વધુ રજિસ્ટર્ડ ૭૯,૧૫૪ મંદિરો છે. ત્યાર બાદ મહારાષ્ટ્રમાં ૭૭,૨૮૩ અને પશ્ચિમ બંગાળમાં ૫૩,૬૫૮ મંદિરો છે. બિનસરકારી મંદિરો સામાન્ય રીતે ખાનગી ટ્રસ્ટો, અખાડાઓ અથવા પૂજારીઓ દ્વારા ચલાવવામાં આવે છે અને તે ભારતીય ટ્રસ્ટ અધિનિયમ, ૧૮૮૨ હેઠળ નોંધાયેલાં છે. ઉત્તર પ્રદેશમાં, ૩૭,૫૦૦ થી વધુ નોંધાયેલાં મંદિરો અને ધાર્મિક ટ્રસ્ટ હોવાનો અંદાજ છે. ઉત્તર પ્રદેશ રાજ્યમાં કાશી, અયોધ્યા અને મથુરા આ ત્રણ મુખ્ય મંદિરો સંપૂર્ણ અથવા આંશિક રીતે સરકારી નિયંત્રણ હેઠળ કાર્યરત છે.

વારાણસીમાં આવેલું કાશી વિશ્વનાથ મંદિર સંપૂર્ણપણે સરકારી નિયંત્રણ હેઠળ છે અને વારાણસીના કમિશનર તેના ટ્રસ્ટીમંડળનું નેતૃત્વ કરે છે. સુપ્રીમ કોર્ટના ચુકાદા પછી કેન્દ્ર સરકારે અયોધ્યામાં રામ મંદિર માટે તેની નાણાંકીય બાબતોની દેખરેખ અને સંચાલન માટે ૧૫ સભ્યોના ટ્રસ્ટની રચના કરી હતી. મથુરાના બાંકેબિહારી મંદિરમાં સુપ્રીમ કોર્ટે દેખરેખ માટે હાઇકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશની નિમણૂક કરી છે. તિરુપતિ મંદિરને ૧,૮૮૦ કરોડ રૂપિયા, વૈષ્ણોદેવી મંદિરને ૨૫૦ કરોડ રૂપિયા, રામમંદિરને ૧૫૦ કરોડ રૂપિયા, સિદ્ધિવિનાયક મંદિરને ૧૦૦ કરોડ રૂપિયા, કાશી વિશ્વનાથ મંદિરને ૮૦ કરોડ રૂપિયા અને જગન્નાથ પુરી મંદિરને ૧૮ કરોડ રૂપિયા વાર્ષિક મળે છે. અંદાજ મુજબ તિરુમાલા તિરુપતિ મંદિર પાસે ૩ લાખ કરોડ રૂપિયાથી વધુની સંપત્તિ છે, જે તેને વિશ્વનું ત્રીજું સૌથી ધનિક ધાર્મિક સ્થળ બનાવે છે. તેના બેંક ખાતાંઓમાં ૧૦ ટનથી વધુ સોનું જમા છે. કેરળનું તિરુવનંતપુરમ સ્થિત પદ્મનાભસ્વામી મંદિર પ્રાચીન સોનાના સિક્કા, હીરા, ઝવેરાત અને મૂર્તિઓ ધરાવતા ગુપ્ત તિજોરીઓ માટે જાણીતું છે. ટ્રસ્ટ પાસે સેંકડો એકર પ્રાઇમ જમીન પણ છે. જગન્નાથ પુરી મંદિર પાસે રૂ. ૧૧૨ કરોડથી વધુની સંપત્તિ છે. ત્યાર બાદ કેરળનું ગુરુવાયુર મંદિર આવે છે, જેની સંપત્તિ રૂ. ૨,૫૦૦ કરોડથી વધુ છે અને તેની પાસે મોટી જમીન છે. માતા વૈષ્ણોદેવી મંદિર પાસે ૭૦૦ કરોડ રૂપિયાથી વધુની સંપત્તિ છે. ભક્તોએ મંદિરમાં ૧,૮૦૦ કિલોગ્રામથી વધુ સોનું અને ૪,૭૦૦ કિલોગ્રામ ચાંદીનું દાન કર્યું છે.

હવે પ્રશ્ન એ છે કે મંદિરોમાં કરોડોનું દાન કરનારાં ભક્તોનો વિશ્વાસ કેવી રીતે પુનઃસ્થાપિત કરી શકાય? એડવોકેટ વિષ્ણુ શર્માએ કહ્યું કે આ તે જગ્યા છે જ્યાં સરકાર ભૂલ કરે છે. સુપ્રીમ કોર્ટે ઘણી વખત કહ્યું છે કે મંદિરો ચલાવવાનું સરકારનું કામ નથી. તો પછી સરકાર મંદિર વ્યવસ્થાપનમાં શા માટે દખલ કરે છે? રામમંદિર ચોરીના કેસ અંગે વિષ્ણુ શર્માએ ધ્યાન દોર્યું કે નૃત્ય ગોપાલ દાસ સિવાય સરકારે ટ્રસ્ટમાં બહારનાં બધાં લોકોને નિયુક્ત કર્યાં હતાં. આનાથી ભ્રષ્ટાચારને પ્રોત્સાહન મળ્યું, કારણ કે આ લોકોને મંદિરના કામકાજ ચલાવવાનો કે દાનનું સંચાલન કરવાનો કોઈ અનુભવ નહોતો. મથુરાના બાંકેબિહારી મંદિરનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે મંદિરનાં ખાતાંમાં ૨૫૦ કરોડ રૂપિયાથી વધુ રકમ જમા થાય છે, પરંતુ દાન અંગે ક્યારેય વિવાદ થયો નથી. સુપ્રીમ કોર્ટમાં લગભગ ૧૫ કેસ પેન્ડિંગ છે, પરંતુ બધા ગોસાંઈઓના છે. બે વર્ષ પહેલાં બાંકેબિહારી મંદિરમાં આવતા દાન પર દેખરેખ રાખવા માટે એક નિવૃત્ત ન્યાયાધીશની નિમણૂક કરવામાં આવી હતી, પરંતુ તે કોઈ ઉકેલ નથી. મંદિર વ્યવસ્થાપનમાં મંદિર સાથે સંકળાયેલાં પરિવારોને સામેલ કરવાં જોઈએ અને બેંકોએ નાણાંકીય વ્યવહારો સંભાળવાં જોઈએ.

તિરુપતિ મંદિરની જેમ ભક્તો માતા વૈષ્ણો દેવી મંદિરમાં અપાર શ્રદ્ધા ધરાવે છે, જ્યાં સોનું અને ચાંદી મોટી માત્રામાં ચઢાવવામાં આવે છે. છેલ્લાં ૨૦ વર્ષોમાં ત્યાં ૧,૦૦૦ કિલોથી વધુ સોનું ચઢાવવામાં આવ્યું છે. વૈષ્ણોદેવી શ્રાઇન બોર્ડ સાથે સંકળાયેલા એક અધિકારીના મતે સોના અને ચાંદી ઉપરાંત ભક્તો દ્વારા વાર્ષિક આશરે ૨૫૦ કરોડ રૂપિયાનું દાન આપવામાં આવે છે. મંદિરનું સંચાલન રાજ્યપાલના નેતૃત્વ હેઠળનાં બોર્ડ દ્વારા કરવામાં આવે છે. બધા દાનની ગણતરી ખુલ્લા હોલમાં કડક અર્ધલશ્કરી સુરક્ષા હેઠળ કરવામાં આવે છે. ગણતરી સ્ટાફ ખિસ્સા વગરનાં ખમીસ પહેરે છે. સમગ્ર પ્રક્રિયાનું નિરીક્ષણ અર્ધલશ્કરી કર્મચારીઓ અને અત્યાધુનિક CCTV દ્વારા કરવામાં આવે છે. અર્ધલશ્કરી દળો અને બોર્ડના અધિકારીઓ દ્વારા કંટ્રોલ રૂમનું નિરીક્ષણ કરવામાં આવે છે. સોના અને ચાંદીના દાનની ગણતરી મેટલ્સ એન્ડ મિનરલ્સ ટ્રેડિંગ કોર્પોરેશન (MMTC) અને બેંકના સ્ટાફની દેખરેખ હેઠળ કરવામાં આવે છે. MMTC બાદમાં માતા વૈષ્ણોદેવીના સિક્કા બનાવવા માટે સોના અને ચાંદીને ઓગાળે છે. નિષ્ણાતો માને છે કે કાશી વિશ્વનાથ મંદિરથી લઈને પુરી અને મથુરા સુધી, કોઈ પણ મંદિર વિવાદથી મુક્ત નથી અને એ પણ સાચું છે કે હજારો કરોડોના દાન અને અબજો લોકોની શ્રદ્ધા સાથે જોડાયેલાં મંદિરોમાં રાતોરાત વ્યવસ્થાઓ બનાવી શકાતી નથી. મોટા ભાગનાં મંદિરોનો વહીવટ ભગવાન ભરોસે ચાલે છે.

તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ ટ્રસ્ટ રાજ્ય સરકાર દ્વારા નિયંત્રિત છે, પરંતુ દાનમાં ભ્રષ્ટાચાર અટકાવવા માટે UPI-આધારિત દાન પ્રણાલીઓ સ્થાપિત કરવામાં આવી છે અને તેને મજબૂત બનાવવામાં આવી રહી છે. સોનું કે ચાંદીનું દાન વહીવટી કાર્યાલયમાં રસીદ સાથે કરવું પડશે. આ પગલાંઓથી ભ્રષ્ટાચારમાં મોટા પ્રમાણમાં ઘટાડો થયો છે, પરંતુ તેનો અર્થ એ નથી કે દક્ષિણનાં મંદિરો સંપૂર્ણપણે ભ્રષ્ટાચારથી મુક્ત છે. તામિલનાડુ અને કેરળનાં મંદિરો હજારો વર્ષ જૂનાં છે અને તેમની પાસે સેંકડો એકર જમીન છે. તે જમીનો અંગે ઘણી ફરિયાદો સામે આવી છે.

બદ્રીનાથ-કેદારનાથ મંદિર સમિતિ (BKTC) એ બદ્રીનાથ ધામમાં દાનના દુરુપયોગના આરોપોની તપાસનો આદેશ આપ્યો છે, કારણ કે સોશ્યલ મીડિયા પર મંદિર ભંડોળના સંચાલન અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. અયોધ્યામાં રામ મંદિરમાં પ્રસાદની ઉચાપત બાદ મંદિરના દાનની વધતી તપાસ વચ્ચે આ ઘટના બની છે. BKTC ના પ્રમુખ હેમંત દ્વિવેદીએ જણાવ્યું હતું કે મંદિર સમિતિએ આરોપોને ગંભીરતાથી લીધા છે અને હકીકતો સ્થાપિત કરવા માટે તપાસ સમિતિની રચના કરવાનો આદેશ આપ્યો છે. સંબંધિત કર્મચારીઓ પાસેથી પણ ખુલાસો માંગવામાં આવ્યો છે. દહેરાદૂન સ્થિત સંગઠન ભૈરવ સેના દ્વારા શ્રી બદ્રીનાથ ધામના એક કર્મચારી દાનના પૈસાની ઉચાપત કરી રહ્યા હોવાના આરોપોને પગલે આ તપાસ કરવામાં આવી છે.

BKTC અધિકારીઓએ જણાવ્યું હતું કે આરોપો સાથે કોઈ પુરાવા રજૂ કરવામાં આવ્યા નથી, પરંતુ તેમ છતાં તપાસનો આદેશ આપવામાં આવ્યો છે અને દાન ગણતરીમાં સામેલ કર્મચારીઓ પાસેથી જવાબો માંગવામાં આવ્યા છે. BKTC ના મુખ્ય કાર્યકારી અધિકારી સોહન સિંહ રંગડે જણાવ્યું હતું કે તપાસ સમિતિ પોતાનો અહેવાલ રજૂ કરતાં પહેલાં ઉપલબ્ધ પુરાવા, CCTV ફૂટેજ અને સંબંધિત પક્ષોનાં નિવેદનોની તપાસ કરશે. શુક્રવારે મંદિર પરિસરમાં લગાવેલા કેમેરાના સીસીટીવી ફૂટેજની તપાસ કરવામાં આવી હતી, પરંતુ હજુ સુધી કંઈ નિર્ણાયક બહાર આવ્યું નથી. સૂત્રોએ જણાવ્યું હતું કે જે રૂમમાં બીકેટીસીનાં કર્મચારીઓ દાનની રકમ ગણે છે, ત્યાં પાંચ સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે. જો કોઈ અનિયમિતતા કે વિસંગતતાઓ જણાઈ આવશે તો શ્રી બદ્રીનાથ-કેદારનાથ મંદિર સમિતિ અધિનિયમ, ૧૯૩૯ અને કર્મચારી આચાર નિયમો હેઠળ કાનૂની અને વિભાગીય કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

હકીકત એ છે કે ભારતમાં લાખો મંદિરો છે, જેમાં રોજનું અબજો રૂપિયાનું દાન આવે છે. જે મંદિરોનું સંચાલન ટ્રસ્ટો દ્વારા નથી થતું તેમાં તો મંદિરના પૂજારીઓ કે વહીવટ કરનારાઓ જ દાનની રકમ હજમ કરી જાય છે. ઘણાં ટ્રસ્ટોમાં પણ મોટા ભાગનું દાન બેનંબરમાં આવતું હોય છે, જેનો કોઈ હિસાબ જ રાખવામાં આવતો નથી.

આ દાનની રકમ હજમ થઈ જાય છે. આ કલિકાળ છે. તેમાં જો ભક્તોના દાનનો સદુપયોગ થતો હોય તો તેને ચમત્કાર માનવો જોઈએ.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**મંદિરોનો વહીવટ કરતાં ઘણાં ટ્રસ્ટોમાં પણ મોટા ભાગનું દાન બે નંબરમાં આવતું હોય છે, જેનો કોઈ હિસાબ જ રાખવામાં આવતો નથી. આ દાનની રકમ હજમ થઈ જાય છે**